**ફો.પ. અ. નં.૨૬/૨૦૨૧**

દાખલ તારીખ  : ૨૮/૦૧/૨૦૨૧
રજીસ્ટર તારીખ : ૨૮/૦૧/૨૦૨૧
નિકાલ તારીખ  : ૦૫/૦૨/૨૦૨૧
સમય અવધિ:
વર્ષ: ૦૦ માસ: ૦૦ દિવસ: ૦૮

# દેવભુમિ ધ્વારકા જીલ્લાના મહે. સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મું.ખંભાળીયા.

**ફો. પ. અ. નં.૨૬/૨૦૨૧**
**આંક– ૦૫**

**સંજય વેજાણંદ આંબલીયા**
ઉ. વ. આ.૨૭, ધંધો– વકીલાત,
રહે. બેઠક રોડ, ખંભાળીયા, જિ.દેવભૂમિ ધ્વારકા ...અરજદાર

**વિરુધ્ધ**

શ્રી ગુજરાત સરકાર
થ્રુ ડી.જી.પી. સાહેબ,
દેવભૂમિ ધ્વારકા, મુ. ખંભાળીયા ...સામાવાળા.

વિષયઃ–ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૮ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત થવાની અરજી.

( ખંભાળીયા પો. સ્ટે. પાર્ટ 'એ' ગુ.ર. નં. ૧૧૧૮૫૦૦૪૨૧૦૦૫૯/૨૦૨૧)
(ઇ.પી.કો.કલમ–૩૨૩, ૩૮૪, ૧૮૬, ૫૦૪, ૫૦૦, ૫૦૧, ૧૮૨, ૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ ૩૦મુજબ)

---

અરજદાર/આરોપી તર્ફે :– વિ.વ.શ્રી કે. એચ. ધોળકીયા
સામાવાળા તર્ફે :– વિ. એ. પી. પી.શ્રી કે. સી. દવે

---

**:–– <u>ચુકાદો</u> :––**

(૧) અરજદારે હાલની આ અરજી સી.આર.પી.સી.કલમ–૪૩૮ હેઠળ કરેલ છે. તેની ટૂંક વિગત જોઇએ તો, અરજદાર/આરોપી વિરુધ્ધ ખંભાળીયા પો. સ્ટે. પાર્ટ 'એ' ગુ.ર. નં. ૧૧૧ ૮૫૦૦૪૨૧૦૦૫૯/૨૦૨૧, ઇ.પી.કો.કલમ–૩૨૩, ૩૮૪, ૧૮૬, ૫૦૪, ૫૦૦, ૫૦૧ , ૧૮૨, ૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ ૩૦ મુજબની એફ.આઇ.આર. ફરીયાદ નોંધાયેલ

હોય અને તે ફરીયાદમાં તેમનુ નામ હોવાથી પોલીસ તેમની અટક કરશે તેવી અરજદાર/આરોપીને દહેશત હોય તેથી અરજદાર/આરોપીએ હાલની આ આગોતરા જામીન અરજી કરેલ છે.

(૨) સદર ગુનાના કામે એફ.આઇ.આર. હકીકતની ટૂંક વિગત જોઇએ તો, આ કામે આરોપીઓએ ફરીયાદીની કચેરીએ જઈ તમે ગેરકાયદેસર લાયસન્સની કામગીરીમાં ભ્રષ્ટાચાર કરો છો જેથી તમારે મને દર મહીને હપ્તા આપવા પડશે તેવુ કહી અને ફરીયાદીની ઓફીસમાં જઈ રીવોલ્વર સાથે રાખી કોઈપણ જાતની મંજુરી વગર ઓફીસના ફોટાઓ પાડી ગેરકાયદેસર ઓફીસમાં ભયનુ વાતાવરણ ઉભુ કરી અને અમારા સામે ઉપરી કચેરીમાં ખોટી અરજી કરી ટી.વી. ચેનલના ખોટા ઈન્ટરવ્યુ આપી ખોટી માનહાનીની નોટીસો મોકલાવી ફરીયાદી ઉપર બળજબરીથી ફરીયાદી ભ્રષ્ટાચાર કરે છે તેવા ખોટા આક્ષેપ કરી દર મહીને ૧૫ હજાર આપવા પડશે નહી આપો તો ધમકાવશુ તેવુ કહી ન્યુઝ પેપર અને અન્ય મીડીયામાં બદનામી કરી ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી તેવી ફરીયાદ કેસની ટુંક હકીકત છે.

(૩) આ કામે અરજી રજુ થતા સરકારશ્રીને નોટીસ કરતા એ. પી.પી.શ્રી હાજર થયેલ છે અને વાંધા સોગંદનામુ થી રજુ કરેલ છે અને તપાસના કાગળો અને સમગ્ર રેકર્ડ વંચાણે લેવામાં આવ્યા.

(૪) આ કામે મૂળ અરજદાર પક્ષે વિ.વ.શ્રી એ વિસ્તૃત દલીલ કરેલ છે. જેની ટૂંક વિગત ધ્યાને લઇએ તો આ કામે અમો અરજદાર આરોપી યુથ કોંગ્રેસના લીડર અને વ્યવસાયે વકીલ છીએ અમોએ યુથ કોંગ્રેસના પ્રેસીડેન્ટ તરીકે કમીશ્નરની આર.ટી.ઓ.માં ચાલતા ગેરવહીવટ બાબતે અરજી કરતા ત્યાં ચાલતા ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવેલ છે આ કામે અમે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ મુજબ જોઇએ તો મુળ ફરીયાદીએ પણ અમારી સામે અરજીઓ ઉભી કરેલ છે આ કામે સમગ્ર બનાવમાં મહતમ સજાની જોગવાઈ પાત્ર કલમ ઈ.પી.કો. ની કલમ ૩૮૪ એટલે કે બળજબરીથી પડાવી લેવાનુ છે સમગ્ર

ફરીયાદ જોઈએ તો આમા કોઈ બળજબરીથી વસ્તુ રકમ પડાવી હોય તેવી કોઈ ફરીયાદની હકીકત નથી આ કામે બનાવ પ્રથમ બનેલ ત્યારથી ત્રણેક માસ મોડી ફરીયાદ કરેલ છે અને આ આખી ફરીયાદમાં પોલીસનો કેસ જોઈએ તો અમારો રોલ લાયસન્સવાળી બંધુક લઈને ગયા તેટલો જ છે અમારી સાથે કોઈ બોલાચાલી થઈ નથી અમે બદનક્ષીની નોટીસ આપી તેની સામે અમારી સામે ખોટી બદનક્ષીની કલમ લગાવી દીધેલ છે અમે કોઈ વસ્તુ બળજબરીથી પડાવી હોય તેવો કોઈ કેસ જ નથી તેમજ આ તમામ રીતે જોઈએ તો અમે માત્ર આર.ટી.ઓ. માં ચાલતા ભ્રષ્ટાચારને રોકવા રજુઆત કરેલ તેના કાઉન્ટર બ્લાસ્ટ તરીકે આખી ફરીયાદ ખોટી ઉભી કરેલ હોય અને તેમાં પણ અમારો રોલ જોઈએ તો લાયસન્સવાળી રીવોલ્વર સાથે લઈને ગયા તે સીવાય અમારો કોઈ રોલ ન હોય આમ પ્રાથમીક રીતે સાવ ખોટો ગુનો નોંધ્યાનુ અરજદાર પક્ષનુ માનવુ હોય તેવા સંજોગોમાં નામ. સર્વોચ્ચ અદાલતે સ્થાપિત સિધ્ધાંતો મુજબ અરજદારને આગોતરા જામીન મુકતીનો લાભ આપવા યોગ્ય કેસ હોય અને આ અરજદાર રેવન્યુ પ્રેકટીશનર વકીલ હોય કયારેય કોઈ ગુનાહીત કૃત્ય સાથે જોડાયેલ ન હોય અરજી મંજુર કરવા અરજદાર પક્ષે રજુઆત કરેલ છે.

(૫) આ કામે એ.પી.પી. શ્રી એ સદર અરજી સામે સખત વાંધાઓ લઈ જણાવેલ છે કે, આ કામે અરજદાર આરોપી પાંચ કરોડની બળનક્ષીની નોટીસ સરકારી આર.ટી.ઓ.ના અધિકારીને આપે છે અને જો તેમ થાય તો કોઈ સરકારી અધિકારી શાંતિથી પોતાની ફરજ બજાવી ન શકે અને કોઈ પણ વ્યકિત સરકારી ફરજ ગેરકાયદેસર રીતે ધમકાવીને અવરોધે તેવા સંજોગોમાં આ આરોપીઓની માંગણી તેમની ડ્રાઈવીંગ સ્કુલમાંથી આવતા લોકોને ટેસ્ટ લીધા વિના લાયસન્સ આપી દેવાનુ જણાવી તેવુ ગેરકાયદેસર કૃત્ય કરવાની ના પાડતા આરોપીઓએ આર.ટી.ઓ.માં જઈ રોફ જમાવી ફોટા પાડી ધમકીઓ આપી અને હથીયાર સાથે હથીયાર લોકોને દેખાય તે રીતે બતાવી ભયનુ વાતાવરણ સર્જી તે ગુનામાં આ અરજદારનુ પ્રથમથી જ નામ હોય આગોતરા જામીન મુકિતના કોઈ તત્વો ગુનાની ગંભીરતા જોતા લાગુ પડતા ન હોય જો આ અરજદારને આગોતરા જામીનમુકત કરવામાં આવશે તો ભવિષ્યમાં ગેરકાયદેસર રીતે બીજા

પણ સરકારી ખાતાઓમાં ભય ઉત્પન્ન કરશે અને કાર્યવાહી અવરોધશે તેથી આવા બનાવમાં દાખલરૂપ રીતે આગોતરા જામીન અરજી નામંજુર કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

(૬) બંને પક્ષોની દલીલો, તપાસ કરનારનું સોગંદનામું વંચાણે લેવામાં આવ્યું. પોલીસ પેપર્સ ધ્યાને લીધા.

(૬.૧) જયાં સુધી આગોતરા જામીન અરજીનો પ્રશ્ન છે ત્યાં સુધી મહે. સુપ્રીમ કોર્ટે "**સિધ્ધરામ સતલિંગપ્પા મહાત્રે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર**" માં સી.આર.પી.સી. કલમ–૪૩૮ ના ઓબજેકટ અને રીઝન્સ જોઇ તપાસી, પેરા ૧૨૨ માં આગોતરા જામીન નકકી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓમાં ઠરાવેલ છે કે,

(૧) આરોપી સામેનો આક્ષેપિત ગુનો અને આ ગુનામાં આરોપીએ ભજવેલ ચોકકસ ભાગ.

(૨) પૂર્વ ઇતિહાસ કોઇ કોર્ટે અગાઉ કોઇ કોગ્નીઝેબલ ગુન્હામાં સજા કરેલ છે કે નહી.

(૩) આરોપી ન્યાય પ્રક્રિયાથી ભાગી જશે કે નહી તેની શકયતાઓ.

(૪) આરોપી ફરીથી આવો જ ગુન્હો કરવા પ્રેરાશે.

(૫) આરોપીની સામે આક્ષેપિત ગુનો તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા જ કરેલ છે.

(૬) આગોતરા જામીન આપવાથી જાહેર સમાજ પર પડતી અસર.

(૭) કોર્ટ સમક્ષ રેકર્ડ ધ્યાનથી જોઇ આરોપીએ ગુનામાં શું ચોકકસ ભાગ ભજવેલ છે તે ધ્યાને લેવુ.

(૮) આગોતરા જામીન નકકી કરતી વખતે મહત્વપૂર્ણ બે બાબત ઉપર ધ્યાન આપવુ. એક સંપૂર્ણ, સ્વતંત્ર,સમગ્ર તપાસને હાનિ ન પહોંચે અને આરોપીને બિનજરૂરી અટકના કારણે સતામણી, અન્યાય ન થાય.

(૯) કોર્ટે સામાન્ય રીતે સાક્ષીઓને ફોડવા કે ધમકાવવા પ્રયાસ થશે કે નહી તે લક્ષમાં લેવુ.

(૧૦) ખોટુ તહોમત મુકાયુ છે તે જામીન આપવાનુ મહત્વનું કારણ છે.

(૧૧) ધરપકડ કર્યા વગર કેસ ગુને આગળ ચાલી જ શકે તેમ નથી.

(૭) સદર કામે ફરીયાદ મુજબનો આક્ષેપિત ગુનો, તેની હકીકત તેમજ નામદાર સુપ્રીમ કોર્ટે **સિધ્ધરામ સતલીંગપ્પા મહાત્રે વિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર** ના કામે જે સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ તેને ધ્યાને લેતાં પ્રથમ દર્શનીય આ કામે આરોપી ઉપર મુકવામાં આવેલ આક્ષેપીત ફરીયાદ કેસ મુજબની હકીકત જોઈએ તો આ કામે બચાવપક્ષે રજુ થયેલ ડી.ઈ. લીસ્ટ જોઈએ તો આ કામે આરોપી અરજદારે કમીશ્નરશ્રી આર.ટી.ઓ.ને એક અરજી તા. ૧૪/૧૨/૨૦૨૦ કરેલ ત્યારપછી આર.ટી.ઓ. ઈન્સ્પેકટરે અરજદાર આરોપી સામે અરજી કરેલ તે તમામ બચાવ દલીલોને આ કેસની હકીકત સાથે રાખી જોઈએ તો આ કામે આરોપીઓ ખોટા ભ્રષ્ટાચારના આક્ષેપ કરી ફરીયાદી આર.ટી.ઓ. અધિકારી પાસેથી તમે ભ્રષ્ટાચાર કરો છો અમને દર મહીને ૧૫ હજાર આપો તેવુ કહી ગેરકાયદેસર આર.ટી.ઓ.માં જઈ ભુંડી ગાળો બોલી મીડીયામાં ફરીયાદી બદનામ થાય તેવી માહીતીઓ જાહેર કરી કાયદેસર ફરજમાં રૂકાવટ કરી તે કેસ હકીકત જોઈએ તો આ ફરીયાદ પ્રથમ અરજીથી મોડી છે કારણ કે ફરીયાદીએ જે અરજી પોલીસમાં કરી છે તે તારીખ ૯/૧૨/૨૦૨૦ તથા ૧૪/૧૨/૨૦૨૦ ની છે અને આ કામે આ અરજદાર આરોપીનો રોલ જોઈએ તો પોલીસ સોગંદનામા પ્રમાણે આરોપી સંજય આંબલીયા ભય ઉભો કરવાના ઈરાદાથી લાયસન્સવાળુ હથીયાર જાહેરમાં પ્રદર્શીત થાય તે રીતે કમરે લટકાવી ગયા તેવો પોલીસે આ અરજદારનો રોલ બતાવેલ હોય આ કામે સમગ્ર બનાવમાં કોણ સાચુ છે કોણ ખોટુ છે તે તપાસ અને તે પછી પુરાવાનો વિષય છે પરંતુ હાલ આગોતરા જામીનમુકિત પુરતી આ હકીકતને ધ્યાને લઈએ તો અને તેમાં હાલના અરજદાર આરોપીના દર્શાવેલા રોલને જોઈએ તો આ અરજદાર આરોપીએ ફરીયાદી પાસેથી કોઈ નાંણા બળજબરીથી માંગણી કરેલ હોય કે કાંઈ છીનવી લીધુ હોય તેવો ફરીયાદ પક્ષનો આ અરજદાર આરોપી સામે કોઈ કેસ ન હોય તેવા સંજોગોમાં લાયસન્સ રીવોલ્વર લઈને ગયા તેટલા જ રોલ પુરતા આ અરજદાર આરોપીની પોલીસ કસ્ટડી થાય તો જ તપાસ ચાલે અને પોલીસ કસ્ટડી વિના ધરપકડ વગર તપાસ ન થાય તેવા કોઈ તત્વો પ્રોશીકયુશન બતાવી શકતુ ન હોય તેવા સંજોગોમાં ઉપરોકત દર્શાવેલ ફરીયાદ પક્ષની વિગત અને તે કેસમાં હાલના અરજદાર

આરોપીના દર્શાવેલા રોલને જોતા આ અરજદાર આરોપીને સી.આર.પી.સી. કલમ ૪૩૮ હેઠળની વિવેકબુધ્ધિની સતા વાપરી યોગ્ય શરતોને આધિન આગોતરા જામીનમુકત કરવા ઉચિત કેસ જણાતો હોય સદર અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરવો વ્યાજબી જણાય આવે છે.

-: **હુકમ** :-

૧. ફોજદારી પરચુરણ અરજી (આગોતરા જામીન અરજી) નં. ૨/૨૦૨૦ ના કામે અરજદાર/આરોપી ની આગોતરા જામીન અરજી આથી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. પોલીસ ઇન્સ.શ્રી ખંભાળીયા પોલીસ સ્ટેશનને આથી ડાયરેકશન આપવામાં આવે છે કે, ખંભાળીયા પો. સ્ટે. પાર્ટ 'એ' ગુ.ર. નં. ૧૧૧૮૫૦૦૪૨૧૦૦૫૯/૨૦૨૧, ઇ.પી.કો.કલમ-૩૨૩, ૩૮૪, ૧૮૬, ૫૦૪, ૫૦૦, ૫૦૧, ૧૮૨, ૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ ૩૦ મુજબના કામે જો આરોપીની અટક કરવાનો પ્રસંગ બને તો અરજદાર/આરોપીએ રૂ.૨૦,૦૦૦/-અંકે રૂપીયા વીસ હજાર પુરાના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી તાત્કાલિક અસરથી અરજદાર/આરોપીને નીચેની શરતોને આધારે આગોતરા જામીન ઉપર જામીન મુકત કરવા.

:-- **શરતો** :--

(૧) અરજદાર/આરોપીએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ત.ક.અમલદાર સમક્ષ તા. ૧૯/૦૨/૨૦૨૧ ના રોજ કલાક ૧૦.૦૦ થી ૧૫.૦૦ સુધીમાં હાજર થવુ.

(૨) અરજદાર/આરોપીએ ચાર્જશીટ થતાં સુધી સંબંધિત પોલીસ સ્ટેશનમાં દર અંગ્રેજી મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં હાજરી પુરાવવી.

(૩) અરજદાર/આરોપીએ તેમની જામીન મુકિતનો કોઇ ગેરલાભ ન લેવો અને અન્ય કોઇ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાવુ નહી.

(૪) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના કેસને હાનિ પહોંચે તેવુ કોઇ કૃત્ય નહી કરવુ.

(૫) અરજદાર/આરોપીએ ફરીયાદીને કે તેના કોઇ સાક્ષીઓને, પુરાવાઓને ફોડવાનો પ્રયાસ કરવો નહી.

(૬) અરજદાર/આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી.

(૭) અરજદાર/આરોપીએ તેમના કાયમી રહેઠાંણના સરનામા મોબાઇલ ફોન નંબર સાથે જામીન આપતી વખતે સંબંધિત પોલીસ સ્ટેશનમાં રજુ કરવા.

(૮) અરજદાર/આરોપી જો તેઓ પાસપોર્ટ ધરાવતા હોય તો તપાસનીશ અધિકારી સમક્ષ એક અઠવાડિયાંમાં રજુ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે મતલબનુ સોગંદનામુ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવુ.

(૯) અરજદાર/આરોપીએ પોલીસ જયારે જયારે તપાસમાં બોલાવે ત્યારે તપાસ માટે હાજર થવુ તેમજ જો તપાસનીશ અધિકારીને અરજદાર/આરોપીના રીમાન્ડની જરૂર હોય તો રીમાન્ડ માટે અરજી કરી શકશે અને જે તે સક્ષમ મેજી.સાહેબ શ્રી તે અરજીના આ હુકમના ગુણદોષને ધ્યાને લીધા વિના તે અરજીના ગુણ–દોષ ઉપર નિકાલ કરશે.

(૧૦) સદર હુકમની નકલ સંબંધિત અદાલત તથા સબંધીત પોલીસ સ્ટેશનને મોકલવી.

હુકમ આજરોજ તા. ૦૫ મી માહે ફેબ્રુઆરી સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૫/૦૨/ ૨૦૨૧
ખંભાળીયા

(દીપેન દીલીપકુમાર બુધ્ધદેવ)
ઈ/ચા.સેશન્સ જજ,
દેવભુમિ દ્વારકા, મુ.ખંભાળીયા
Code No. G.J.00612